શહેરમાં કાલથી ચાર દિવસ ધાર્મિક માહોલ

મંગળવારે મહાવીર જયંતિ, બુધવારે હાટકેશ જયંતિ, ગુરૂવારે હનુમાન જયંતિની ઉજવણી થશે : શુક્રવારે ખ્રિસ્તીઓના તહેવાર ગુડફ્રાઈડેની ઉજવણી





ગાંધીનગર, તા. ૨

એપ્રિલ મહિનો એટલે તહેવારો અને ઉત્સવોનો મહિનો. ચૈત્રિ નવરાત્રી અને રામનવમી બાદ હવે પુનઃ આગામી ત્રણ-ચાર દિવસ ધાર્મિક માહોલ છવાશે. વિવિધ ધર્મોના મોટા તહેવારોની ઉજવણી આ અઠવાડિયે થવાની હોઈ ભાવિકો ધાર્મિક કાર્યક્રમોમાં લીન બનશે.

ચૈત્રિ નવરાત્રીના કારણે શહેરમાં ધાર્મિક માહોલ છવાયો હતો. અનુષ્ઠાન સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો ઠેર ઠેર યોજાયા હતા. તે પછી શહેરમાં રામનવમીની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી. હવે આગામી અઠવાડિયે પુનઃ ધાર્મિક માહોલ છવાશે.

જૈનોના સૌથી મોટા ઉત્સવ મહાવીર જયંતિની મંગળવારે ઉજવણી થશે. જેના પગલે દેરાસરોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો ઉજવાશે. તે પછી હાટકેશ જયંતિની ઉજવણી થશે. જેમાં શહેરમાં વસતા નાગર સમાજ મોટી સંખ્યામાં જોડાશે. તે પછીના દિવસે હનુમાન જયંતિની ઉજવણી થશે. હનુમાન જયંતિ નિમિત્તે શહેર-જિલ્લામાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું અને શોભાયાત્રાઓનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાશે. શુક્રવારે ક્રિશ્ચિયનોના મોટા તહેવાર ગુડફ્રાઈડેની ઉજવણી કરવામાં આવશે. આખુ અઠવાડિયુ ધાર્મિક માહોલ છવાયેલો રહેશે.

ગુજરાતને થ્રો-બોલ સબ જુનિ. નેશનલમાં સિલ્વર મેડલ

ટીમમાં કેપ્ટન સહિત કુલ સાત ખેલાડી ગાંધીનગરના હતા

ગાંધીનગર, તા. ૦૨

ગાંધીનગરના જયરાજસિંહ ધર્મેન્દ્રસિહ ઝાલાના કપ્તાન પદે તેમના નેતૃત્વ હેઠળ તાજેતરમાં છત્તિસગઢના ભિલાઈ ખાતે રમાયેલી ૩૦મી સબ જુનિયર નેશનલ થ્રો બોલ ચેમ્પિયનશિપમાં ગુજરાતની ટીમે સિલ્વર મેડલ જીત્યો છે. આ ટુર્નામેન્ટમાં ગુજરાતની થ્રો બોલ ટીમે મધ્ય પ્રદેશને ૨૫-૧૫થી, તેલંગાણાને ૨૫–૧૦થી, તેલંગાણાને ૨૫–૧૦થી, કર્ણાટકને ૨૫–૧૮થી, રાજસ્થાનને ૨૫–૧૪થી હરાવી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. જોકે ફાઈનલમાં ગુજરાતનો હરિયાણા સામે ૨૫–૧૫ના સ્કોરથી પરાજય થતા ટીમે બીજા ક્રમે રહી સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આ ગુજરાતની થ્રો બોલ ટીમમાં ગાંધીનગરના જયરાજસિંહ ઝાલા ઉપરાંત હેત પટેલ, યુવરાજ બિહોલા, યુવરાજ ચાવડા, માનવ ઠાકોર, નમન ભટ્ટ અને આર્યન સુથાર પણ સામેલ હતા.

કોરોના મહામારીનાં સંદર્ભે સેનીટેશન

ગાંધીનગર, તા.૨

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા જી ૨૦ અંતર્ગત કાર્યક્રમ અને માનનીય રાજ્યપાલશ્રીનાં આહવાન આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત અમૃત મહોત્સવમાં યુવાઓનું સંકલ્પ શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ અંતર્ગત કોરોના મહામારીન નવા કેસો વધતા આખા પરિસરમાં સેનિટેશન કરવામાં આવ્યું છે સંસ્થાનાં મેડીકલ ઓફિસર ડૉ. નયનેશ ભાઈ વસાવા દ્વારા સ્વય સેવકોને મહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને સ્વય સેવકોએ મહાવિદ્યાલયનની બિલ્ડીંગ અને સ્વાસ્થ્ય કેન્દ્ર તેમજ અન્ય સ્થળો પર દવાનો છંટકાવ કર્યું હતું અને કોરોના મહામારીની સાવચેતી માટેનાં પગલા તરીકે આ કામગીરી કરવામાં આવી હતી વિધાર્થીઓને અન્ય જરૂરી માહિતી અને માર્ગદર્શન જી ૨૦ કાર્યક્રમન કોર્ડિનેટર અને પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટે દ્વારા આપવામાં આવ્યું હતું સમ્પૂર્ણ કાર્યક્રમનું આયોજન ડૉ. નીરજ સિલાવટ- જી ૨૦ કાર્યક્રમન કોર્ડિનેટર અને રાસેયો પ્રોગ્રામ ઓફિસર દ્વારા કરવામાં આવ્યું હતું

સે-૨૧ ખાતે ફિઝિયોથેરાપી કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨

તાજેતરમાં મિલાપ ટાટારિઆ ટાઇગર દ્વારા આયોજિત, ડૉ. નિધિ ફિઝિયો વર્લ્ડનાં સહયોગથી રી-હેબીલેશન સેન્ટર, રાધે સ્વીટ માર્ટ, સેક્ટર-૨૧ ખાતે ફિઝિયોથેરાપી કેમ્પનું નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્પોર્ટ્સ ફિઝિયો થેરાપીસ્ટનાં નિષ્ણાંત ડૉ. નિધિ લેકિનવાલા દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું સાથે અદ્યતન મશીનોની મદદથી પ્રેક્ટિકલી સારવાર આપવામાં આવી હતી. લાભ લેનાર લાભાર્થીઓને માહિતી આપી જાગૃતિ લાવવા માટેનું ઝુંબેશ હાથ ધર્યું હતું. જેમાં ડૉ. મેધાવી પટેલ અને ડૉ. વર્તીકા સિંઘ વિશેષ સહભાગી રહ્યા હતા. આ કેમ્પમાં ૪૦ થી પણ વધુ લોકોએ કેમ્પનો લાભ લીધો હતો અને કેમ્પને સફળ બનાવવા માટે આયોજક મિલાપ ટાટારિઆ ટાઇગરે દરેક લાભાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

"વર્લ્ડ ઓટિઝમ દિવસ" ની ઉજવણી નિમિત્તે

જિલ્લા દિવ્યાંગ સંમેલન અને દિવ્યાંગ ક્ષેત્રે કામ કરતા વ્યક્તિઓનું સન્માન કરાયું

ગાંધીનગર, તા.૨

" વર્લ્ડ ઓટિઝમ દિવસ" ની ઉજવણી નિમિત્તે સક્ષમ (સમ દ્રષ્ટિ, ક્ષમતા વિકાસ એવમ અનુસંધાન મંડળ) ગાંધીનગર જિલ્લા એકમ, જે.ડી.પટેલ પ્રગતિ ફાઉન્ડેશન, ગાંધીનગર તેમજ સાધના પેરેન્ટસ્ એસોસિયેશન ઓફ મેન્ટલી ચેલેન્જડ પર્સન્સ્ ગાંધીનગર દ્વારા જિલ્લા દિવ્યાંગ સંમેલન અને દિવ્યાંગો માટે કાર્ય કરનાર વ્યક્તિઓ તથા દિવ્યાંગો દ્વારા રમત ગમત માં વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરવામાં આવી હોય તેઓનું સન્માન કરવાના વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન જુના સચિવાલય ઉપાહાર ગૃહ , ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે મેયર હિતેશભાઈ મકવાણા તથા અતિથિ વિશેષ તરીકે ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સક્ષમના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ડૉ.મનુભાઈ પુરોહિત, ડૉ.દિવ્ય પટેલ-પિડીયાટ્રીશયન મેમોનેટોલોજીસ્ટ, ડૉ. ઋતવી પટેલ -પિડીયાટ્રીક ડેન્ટલ સર્જન તથા જનક ભાવસાર-જુનિયર સિટીઝન કાઉન્સિલ તથા બહોળી સંખ્યામાં દિવ્યાંગ બાળકોના પેરેન્ટસ્, વિશિષ્ટ બાળકો તથા સ્પેશ્યલ એજ્યુકેટર જિજ્ઞેશ રાવલ, મીરાં ગઢવી તથા અન્ય સ્પે.એજ્યુકેટર્સ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ ચિરાગ ઉપાધ્યાય એ ત્રણેય આયોજક સંસ્થાઓનો ટુંકમાં પરિચય આપી સંસ્થાની પ્રવૃત્તિઓ જણાવી હતી. આ કાર્યક્રમમાં દિવ્યાંગ વ્યક્તિ ઓ માટે કાર્ય કરનાર વ્યક્તિઓ તથા દિવ્યાંગો દ્વારા રમત ગમતમાં વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરી હોય તેઓને એવોર્ડ તથા પુષ્પગુચ્છ થી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં દિપાલી ઉપાધ્યાય- બેસ્ટ પ્રફોર્મન્સ ઈકલુઝીવ એજ્યુકેશન, રેખાબેન દેસાઈ- બેસ્ટ પેરેન્ટ, કુ બીના ધાનકાણી-બેસ્ટ સીબલીગ, જિગીષાબેન વ્યાસ-બેસ્ટ ટીચર ઓફ એકસીલેન્સ, મેઘનાબેન પટેલ-આંતર રાષ્ટ્રીય સ્પેશ્યલ કોચ, રોહિતભાઈ ઠાકોર-સ્પેશ્યલ કોચ, મિનલબેન ચાવડા-સ્પેશ્યલ કોચ, કિરીટ ભાઈ પટેલ-અપંગ માનવ કલ્યાણ સમાજ દ્વારા વિવિધ કલ્યાણ પ્રવૃતિઓ, જગદીશ બારીયા-નેશનલ જુનિયર/ સબ જુનિયર, હલોન્ગ જમ્પ -ગોલ્ડ મેડલ, હાઈ જમ્પ-બ્રોન્ઝ મેડલ, પુજા બળદેવભાઈ રાઠોડ-હેન્ડ બોલ-રાજ્ય કક્ષા ખેલ મહાકુંભનો સમાવેશ થાય છે. મેયર હિતેશભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાતમાં સૌ પ્રથમવાર મહાનગરપાલિકા દ્વારા બજેટમાં દિવ્યાંગ ની કલ્યાણ પ્રવૃતિઓ માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ દ્વારા દિવ્યાંગ બાળકોને ધાર્મિક બાબતો જેવી કે પ્રાર્થના, સ્તુતિ, હનુમાન ચાલીસા તૈયાર કરાવવા સુચન કર્યું હતું. ડૉ. ઋત્વી પટેલ - પિડીયાટ્રીક ડેન્ટલ સર્જન તથા ડૉ.દિવ્ય પટેલ પિડીયાટ્રીક ડેન્ટીસ્ટે દાંત તથા મોઢાની કાળજી અને જાળવણી માટે સરળ ભાષામાં સમજ આપી હતી. ડૉ.મનુભાઈ પુરોહિત રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ સક્ષમએ સંસ્થાની દિવ્યાંગો માટેની પ્રવૃત્તિની જાણકારી આપી હતી.

ત્યાર બાદ કાર્યક્રમના સંચાલક શ્રી તરીકે સુરેશ પારઘી એ દિવ્યાંગ બાળકોને પોતાની કોઈ પણ અભિવ્યક્તિ રજુ કરવાનું આહવાન કરતાં કેટલાક નિર્દોષ દિવ્યાંગ બાળકોએ પોતાની કાલી ઘેલી ભાષામાં પોતાનો પરિચય , પ્રાર્થના ગીત , સ્તુતિ તથા પ્રવાસ વર્ણન પણ રજુ કર્યા હતાં. આ કાર્યક્રમની સફળતા માટે સક્ષમ સંસ્થાના ગુજરાત પ્રાંત અધ્યક્ષ ગંગારામ પટેલ, જે.ડી.પટેલ પ્રગતિ ફાઉન્ડેશનના પ્રમુખ અનુપ પરીખ તથા સાધના પેરેન્ટસ્ એસોસિયેશન ઓફ મેન્ટલી ચેલેન્જડ પર્સન્સના મંત્રી ભાનુપ્રસાદ ચૌહાણ સહયોગી રહ્યા હતાં. આભાર વિધિ સક્ષમ-ગાંધીનગરના પ્રમુખ શ્રી શંભુભાઈ પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું મંચ સંચાલન સુરેશ પારઘી એ કર્યું હતું. અંતમાં દિવ્યાંગ બાળકો સાથે સુરુચિ ભોજન માણવા સાથે "વર્લ્ડ ઓટીઝમ ડે " નો કાર્યક્રમ સંપન્ન થયો હતો.

ગાંધીનગરની દિવ્યાંગ દિકરી હીના ત્રિવેદી બે રમતમાં રાજ્યકક્ષાએ વિજેતા

ગાંધીનગર, તા.૦૨

આજે અમદાવાદની ગુજરાત યુનિવર્સિટી સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે યોજાયેલ રાજ્ય કક્ષાની સેરેબ્રલ સ્પોર્ટ્સ ફેડરેશન દ્વારા યોજાયેલી સ્પર્ધામાં સેરેબ્રલ પાલ્સી પિડિત ગાંધીનગરની દિવ્યાંગ દિકરી હીના ત્રિવેદીએ ગોળાફેંક અને ક્લબ થ્રો એ બંને રમતમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. આ સાથે હીના ત્રિવેદીએ હવે દિલ્હી ખાતે આગામી દિવસોમાં યોજાનાર રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાની યોગ્યતા પ્રાપ્ત કરી છે.

આવતીકાલે મહાવીર જન્મ કલ્યાણક ઉજવાશે

ગાંધીનગર, તા.૦૨

સત્ય, કરુણા અને અંહિસાનો સંદેશ આપનારા ભગવાન શ્રી મહાવીર સ્વામીની જન્મજયંતિ ચૈત્ર સુદ-૧૩ મંગળવારે તા.૪ એપ્રિલના રોજ સમગ્ર દેશભરમાં ધામધૂમથી ઉજવાશે. પાટનગરમાં પણ મહાવીર જયંતિ નિમિત્તે સે.૨૨માં જૈન દેરાસર ખાતે શ્રી ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા પ્રભુ મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણીનું આયોજન કરાયું છે. આ અંતર્ગત સવારે કલાકે ભવ્યાતિભવ્ય શોભાયાત્રા યોજાશે. આ પછી સવારે ૭.૩૦ કલાકે શ્રી સંઘની નવકારશી, સવારે ૮.૩૦ કલાકે પૂ.ગુરુદેવના મુખેથી પ્રવચન અને સવારે ૧૦ કલાકે સમૂહ સ્નાત્ર પૂજા યોજાશે જેમાં મોટી સંખ્યામાં સકળ શ્રી સંઘના સભ્યોને પરિવાર સાથે જોડાવા આયોજકો દ્વારા વિનંતી કરવામાં આવી છે.

પૂજ્ય શ્રીરંગ અવધૂત મહારાજશ્રીનો ૧૨૫મો જન્મ જયંતિ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ અવસર નિમિત્તે શ્રી દત્તબાવની બાવન પાઠ અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. દિપ પ્રાગટ્ય પૂ. ફૂલશંકરજીના હસ્તે કરવામાં આવ્યુ હતુ.

ચકલીના માળા, પાણીના કુંડા વિતરણ

ગાંધીનગર, તા.૨

ચકલી બચાવો અભિયાન નિમિત્તે વિના મૂલ્ય ચકલીના માળા પાણીના કુંડા વિતરણ કરવામાં આવ્યા. જેમાં માનનીય ડી એન ગોલ ઉપપ્રમુખ વિશ્વ ઉમિયા ધામના હસ્તે જીવ દયાના કાર્યનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો. આ કાર્યનું આયોજન વંદે માતરમ ફાઉન્ડેશન ગ્રુપનાં ગીરીશભાઈ, નીરવભાઈ અને જીગ્નેશભાઈ અને એન્વાયરમેન્ટ કેર એન્ડ ડેવલપમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં ગોતા વિસ્તારના ભારતીય જનતા પાર્ટીના કોર્પોરેટર અને અન્ય સામાજિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા અને જીવદયા પ્રેમી ઉપસ્થિત રહીને આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ દરેક જીવ દયા પ્રેમી મિત્રોનો ખુબ ખુબ આભાર માનવામાં આવ્યો હતો.